# ઔદ્યોગિક અદાલત નં.૨ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

અપીલ(આઈ.સી.)નં.૬/૨૦૧૮

::– આંક–૧૨ નીચે હુકમ –::

એપેલન્ટ તરફે વકીલ શ્રી એન.બી.શાહ તથા રીસ્પોન્ડન્ટ તરફે યુનિયન પ્રતિનિધિ શ્રી દિપકભાઈ પીપરોળીયાને સાંભળ્યા.

એપેલન્ટ તરફેની હાલની અરજી રાજસન્સ પ્રોસેસર્સના પ્રા.લી.ના ડીરેકટર રજનીકાંત જમનાદાસ માસ્તરની જગ્યાએ હિતેશ રજનીકાંત માસ્તરને ગણવા હુકમ કરવા માટેની છે.

હાલની અપીલ રાજસન્સ પ્રોસેસર્સ પ્રા.લી. તરફે રજનીકાંત જમનાદાસ માસ્તરનાઓની સહીથી દાખલ કરવામાં આવેલી છે અને અપીલના મથાળે રાજસન્સ પ્રોસેસર્સ પ્રા.લી. તરફે રજનીકાંત જમનાદાસ માસ્તરનું નામ દર્શાવેલ છે. આ કામે આંક–૧૦ ની પુરસીસથી રજનીકાંત જમનાદાસ માસ્તરનું તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ અવસાન થયેલ હોવાનું એપેલન્ટ તરફે જાહેર કરવામાં આવેલ છે અને આંક–૧૧ થી રાજસન્સ પ્રોસેસર્સ પ્રા.લી. તરફે હિતેશ રજનીકાંત માસ્તરની સહીથી વકીલપત્ર રજુ થયેલ છે. ત્યાર બાદ હાલની અરજી એડવોકેટશ્રીની સહીથી રજુ થયેલ છે અને અપીલ (આઈ.સી.) નં.૧/૨૦૧૮ ના કામે આંક–૧૪ ના લીસ્ટથી રાજસન્સ પ્રોસેસર્સ પ્રા.લી.ના મેમોરેન્ડમ તથા આર્ટીકલ ઓફ એસોસીએશનની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં, કંપનીના સબસ્ક્રાઈબર તરીકે હિતેશ રજનીકાંત માસ્તરનું નામ દર્શાવેલ છે. જેથી એપેલન્ટ રાજસન્સ પ્રોસેસર્સ પ્રા.લી. તરફે રજનીકાંત જમનાદાસ માસ્તરની

જગ્યાએ હિતેશ રજનીકાંત માસ્તરને ગણવા અને અપીલના મથાળે રજનીકાંત જમનાદાસ માસ્તરની જગ્યાએ હિતેશ રજનીકાંત માસ્તરનું નામ લખવા અને તે મતલબનો અપીલના મથાળે એપેલન્ટ તરફે સુધારો કરવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ કરવામાં આવે છે.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

( સ્ટેનો– સી.જી.ચૌધરી )